**ગ્રામજનોને જોઈને મશીન લઈને ભાગ્યા રેતી માફિયા, અધિકારી નહીં આવતા નદીમાં ધરણાં**

# સંખેડાના દમોલીમાં રેતી માફિયા સામે 'જનતા રેડ'



**"સાંજ સુધી** અધિકારી નહીં આવે તો ટ્રેક્ટર નદીમાં ઉતારી રેતી ભરીશું" - ગ્રામજનોની ચીમકી

(પ્રતિનિધી) સંખેડા, તા.21

સંખેડા તાલુકાના દમોલી ગામ નજીક વહેતી ઓરસંગ નદી આજે વહેલી સવારે ફરી એકવાર ગેરકાયદેસર રેતી ખનનનો જીવંત દાખલો બની. નદીપટમાં ચાલતા ગેરકાયદે ખનનની જાણ થતાં જ ગામના યુવાનો અને ગ્રામજનોએ સ્થળ પર પહોંચી "જનતા રેડ" કરી હતી.

ગ્રામજનોને જોઈને રેતી માફિયા લોડર-મશીનો લઈને ભાગી છૂટ્યા હતા. જોકે વારંવાર ફોન કરવા છતાં ખાણ ખનિજ વિભાગનો એક પણ અધિકારી સ્થળ પર ન આવતા ગ્રામજનોએ નદીમાં જ ધરણા કર્યા હતા.

## ઓરસંગ નદી રેતી માફિયાઓ માટે 'સ્વર્ગ' બની?

છોટાઉદેપુર જિલ્લાની ઓરસંગ નદી લાંબા સમયથી રેતી માફિયાઓ માટે સ્વર્ગ સમાન બની ગઈ હોવાનો આક્ષેપ સ્થાનિકો કરી રહ્યા છે. ઠેરઠેર ગેરકાયદે ખનન થતું રહે છે, સરકારની તિજોરીને મોટું નુકસાન થાય છે, છતાં જવાબદાર વિભાગો નિષ્ક્રિય રહેતા હોવાની ભારે નારાજગી જોવા મળે છે. તાજેતરમાં પાવી જેતપુરના રતનપુર અને લોઢણ ખાતે જનતા રેડ દરમિયાન 7 મશીન અને 4 હાઈવા ટ્રક ઝડપી પાડવામાં આવ્યા હતા–તેમ છતાં માફિયાઓ ફરી બેફામ બન્યા છે.

**કોઇ આવ્યું નથી :** "એક અઠવાડિયાથી રેતી ચોરી ચાલી રહી હતી. અમે સવારે 7:30 વાગ્યે સ્થળ પર પહોંચતા જ માફિયા લોડર અને ગાડીઓ લઈને ભાગી ગયા. 10 વાગ્યાથી ફોન કરીએ છીએ, 2 વાગ્યા થયા છતાં કોઈ અધિકારી આવ્યો નથી. એટલે અમે ધરણા પર બેઠા છીએ."
– **વિક્રમભાઈ વસાવા, સ્થાનિક યુવક, દમોલી**

**પૈસા ધર્મદા કરી શું :** "ચાર વાગ્યા સુધી અધિકારી નહીં આવે તો 100 ટ્રેક્ટર નદીમાં ઉતારશું. રેતી જાતે કાઢીશું અને પૈસા ગામમાં ધર્માદા કરી દઈશું."– **રાજેન્દ્રસિંહ ડોડીયા, સ્થાનિક યુવક, દમોલી**

**તપાસમાં અડચણ આવે છે :** "રાત્રે ટ્રેક્ટર ભરાતા હોવાની ફરિયાદ મળે છે. વિસ્તાર બોર્ડરનો હોવાથી તપાસમાં અડચણ આવે છે. તપાસ કરીશું."
– **વિપુલ સોલંકી, ઇન્ચાર્જ ભૂસ્તરશાસ્ત્રી, છોટા ઉદેપુર**

## દમોલીમાં વહેલી સવારથી ખનન, યુવાનો મેદાને

દમોલીમાં આજે વહેલી સવારથી નદીપટમાં ગેરકાયદે રેતી ખનન ચાલતું હોવાની જાણ થતાં ગામના યુવાનોએ તરત જ સ્થળ પર પહોંચી રેડ કરી. ગ્રામજનો આવતાં જ માફિયા મશીન લઈને ભાગી ગયા. ત્યારબાદ ગ્રામજનોએ ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ અને ઇન્ચાર્જ અધિકારીને વારંવાર ટેલિફોનિક જાણ કરી–પરંતુ બપોર સુધી કોઈ હાજર ન થતાં લોકો નદીમાં ધરણા પર બેસી ગયા. ગ્રામજનોએ ચીમકી ઉચ્ચારી છે કે સાંજ સુધી અધિકારી નહીં આવે તો પોતે ટ્રેક્ટર નદીમાં ઉતારી રેતી ભરવાનું શરૂ કરશે. અગાઉ પણ દમોલીમાં ગેરકાયદે રેતી ખનન પકડાયું હતું. ગ્રામ પંચાયતના સરપંચ અને સભ્યો દ્વારા રેડ કરીને કાર્યવાહી કરાવવામાં આવી હતી. તેમ છતાં જિલ્લાની સરહદે આવેલા આ ગામમાં ખાણ ખનિજ વિભાગ સતત નિષ્ક્રિય દેખાતા હવે ગ્રામજનોએ જાતે જ જનતા રેડ કરવાની ફરજ પડી હોવાનું કહેવામાં આવે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### હાલોલ વકીલ મંડળની ચૂંટણીનું પરિણામ જાહેર



**હાલોલ** : હાલોલ વકીલ મંડળની ચૂંટણી યોજાઈ હતી તેમાં પ્રમુખ પદ માટે કુલ ચાર ઉમેદવારો વચ્ચે જંગ ખેલાયો હતો તેમાં પ્રમુખ તરીકે શ્રી મહાકાલી મંદિરના ટ્રસ્ટી અને એડવોકેટ વિનોદભાઈ વરિયા જંગી બહુમતીથી તેમનો વિજય થયો છે ઉપપ્રમુખ પદે ડી મલેક તથા મંત્રી પદે બિનહરીફ ડી.એસ. રાઠોડ, સહમંત્રી પદે રાજેશભાઈ ચાવડા અને ખજાનચી પડે મહિલા એડવોકેટ શીતલબેન ચૌહાણ નો ભવ્ય વિજય થયેલો છે તથા સભ્ય પદે જેકી સોની, સલમાન મકરાણી, પરવેઝ શેખ, સોનુભાઈ પ્રજાપતિ તેમજ મહિલા અનામત સભ્યમાં તરુણાબેન જૈનનો બિનહરીફ વિજેતા થયા બદલ સર્વે વકીલોમાં આનંદની લાગણી ફેલાઇ હતી.

### કાલોલમાં 19માં પાટોત્સવ નિમિત્તે ત્રી-દિવસીય કાર્યક્રમ યોજાયો




**કાલોલ** :શ્રી સુધા સત્સંગ મંડળ અને સ્વ. મંજુલાબેન જગમોહનદાસ શાહ આચાર્ય નિવાસના 19 માં પાટોત્સવના ઉપલક્ષમાં આયોજીત આ મહોત્સવ અંતર્ગત કાલોલ દશા મોઢ વણિક સમાજની વાડીમાં શુક્રવાર થી રવિવાર સુધી ના આ કાર્યક્રમમાં બપોર 3 થી 6 સુધી શુદ્ધાંદ્વૈત શ્રી વલ્લભગૃહ પીઠના વૈષ્ણવાચાર્યા ગૌ 108 શ્રી રાજેશકુમારજી મહારાજ તથા પૂ. પા. ગો. 108 શ્રી કુંજેશકુમારજી મહારાજ વહુજી મહારાજ ની ઉપસ્થિતિમાં આજ રોજ પૂ.પા . ગૌ શ્રી 108 ચી. સાનિધ્યકુમારજી મહોદય ના કંઠે પંચ ગીત નુ રસપાન ડો નિરાલી સોનીના સંગીતની સુરાવલી સાથે કરવામાં આવ્યું હતુ.

### હાલોલમાં 'પ્રાકૃતિક ખેતી ધ્યાન' વિષયક આંતરરાષ્ટ્રીય સંમેલન



**હાલોલ** :હાલોલ સ્થિત ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વવિદ્યાલય ખાતે આયોજિત 'પ્રાકૃતિક ખેતી, પ્રાકૃતિક ચિકિત્સા,યોગ અને ધ્યાન' વિષયક આંતરરાષ્ટ્રીય સંમેલનમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, માનવ જીવનની સૌથી મૂલ્યવાન સંપત્તિ માનવ શરીર છે. જો શરીર સ્વસ્થ હશે તો જ ધર્મ, કર્મ, સમાજસેવા અને રાષ્ટ્રનિર્માણ શક્ય બને છે. ભારતીય ઋષિ પરંપરાએ સ્પષ્ટ રીતે કહ્યું છે કે, શરીરમાધ્યમ ખલુ ધર્મ સાધનમ્ એટલે કે સ્વસ્થ શરીર વિના કોઈ પણ ઉચ્ચ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાતું નથી.રાજ્યપાલશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, યોગ, પ્રાણાયામ, ધ્યાન અને પ્રાકૃતિક ચિકિત્સા માત્ર ઉપચાર નથી, પરંતુ સંપૂર્ણ જીવનશૈલી છે.

### શિનોર નગરની મધ્યમ વર્ગના પરિવારની દીકરીએ Ph.d પ્રાપ્ત કરી

**શિનોર** : શિનોર નગરની મધ્યમ વર્ગના પરિવારની દીકરીએ ઉચ્ચ અભ્યાસમાં નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરી શિનોરનું ગૌરવ વધાર્યું છે.



શિનોર નગરમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય સસ્તા અનાજની દુકાનના સંચાલક કાઝી ઐયુબભાઈ મહંમદભાઈની દીકરી તબ્બસુમ કાઝીએ ગુજરાત યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રના PDS (Public Distribution System) વિષયમાં મહાનિબંધ લખી ડોક્ટરેટ (Ph.D.)ની ઉપાધિ પ્રાપ્ત કરી છે. તબ્બસુમ કાઝીએ આ સંશોધન કાર્ય ડો. માલા શર્માના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું હતું. ગુજરાત યુનિવર્સિટીના વડા ડો. સંજયભાઈ પરદેશીના પ્રોત્સાહનથી તેમણે અર્થશાસ્ત્રના મહત્વપૂર્ણ વિષય એવા પીડીએસ પર વિગતવાર અને સંશોધનાત્મક મહાનિબંધ તૈયાર કર્યો હતો.

### BAPS અટલાદરા મંદિર ખાતે શિક્ષકોનું સંમેલન યોજાયું



**પાદરા** : શનિવારે 'મહંતસ્વામી મહારાજની ૯૨ મી જન્મજયંતિ' ઉપક્રમે તથા 'ચાલો બનીએ આદર્શ ' પ્રોજેક્ટ અંતર્ગત યજ્ઞપુરુષ સભાગૃહ, બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, અટલાદરા મુકામે પાદરા તાલુકાનો ભવ્ય શિક્ષક સંમેલન કાર્યક્રમ યોજાયો. જેમાં પાદરા તાલુકાના સરકારી પ્રાથમિક શાળાઓ, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, ખાનગી શાળાઓ, ટ્યુશન ક્લાસીસના તેમજ રિટાયર્ડ ૪૫૦ જેટલા શિક્ષકો ઉપસ્થિત રહ્યા. શાળાઓના માન્ય સંગઠનો શૈક્ષિક મહાસંઘ, પ્રાથમિક શિક્ષક સંઘ, ઉત્કર્ષ મંડળ, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંગઠન પ્રમુખ, મંત્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## હાલોલ ટાઉન પોલીસે ગુમ બાળકને શોધી માતા-પિતાને સુપ્રત કર્યો



(પ્રતિનિધી) હાલોલ તા.21

હાલોલ ટાઉન પોલીસ દ્વારા વધુ એક વખત માનવતાપૂર્ણ અને પ્રશંસનીય કામગીરી કરી ગુમ થયેલા બાળકને સુરક્ષિત રીતે શોધી તેના માતા-પિતાને સુપ્રત કરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં સંતોષની લાગણી પ્રસરી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ હાલોલ નગરમાં રહેતો મનન રીતેશભાઈ પટેલ ગતરોજ બપોરના સમયે રેશન રોડ વિસ્તારમાં રહેતા પોતાના મિત્રના ઘરે જવા માટે નીકળ્યો હતો. ત્યારબાદ લાંબો સમય વીતી જવા છતાં મનન ઘરે પરત ન ફરતા તેના માતા-પિતાએ આસપાસ તેમજ સંબંધીઓમાં શોધખોળ શરૂ કરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે મનન મિત્રના ઘરેથી નીકળી ગયો હતો, પરંતુ પોતાના ઘરે પહોંચ્યો ન હતો.આ ઘટનાને લઈ ચિંતિત અને ગભરાયેલા માતા-પિતાએ અંતે હાલોલ ટાઉન પોલીસનો સંપર્ક કર્યો હતો. નાનાં બાળકના ગુમ થવાના બનાવને અત્યંત ગંભીરતાથી લઈ હાલોલ ટાઉન પોલીસના પી.આઇ. આર.એ. જાડેજાએ તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી હતી. તેમના માર્ગદર્શન હેઠળ જુદી-જુદી પોલીસ ટીમો રચી સ્થાનિક લોકોની મદદ તથા સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે વ્યાપક શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

## વેજલપુર થી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના 9 રીલો સાથે એક ઈસમ પકડાયો

(પ્રતિનિધી) કાલોલ, તા.21

આગામી ઉતરાયણ તહેવારને લઈને લોકો દોરી અને પતંગોની ખરીદી કરતા હોય છે ત્યારે પતંગ રસિયા લોકો અમુક અંશે ચાઈનીઝ દોરીઓનો ઉપયોગ કરતા હોય છે ત્યારે આ ચાઈનીઝ દોરી ઉપર હાલમાં પ્રતિબંધ કરવામાં આવ્યો છે ત્યારે ચાઈનીઝ દોરીના ઉપયોગ થી જાહેર માર્ગ ઉપર અવર-જવર કરતા રાહદારીઓ તેમજ પશુ પક્ષીઓને જીવલેણ ઈજાઓની દુર્ઘટનાઓ થતી હોય છે. ત્યારે પંચમહાલ જિલ્લા એસઓજી પોલીસ વેજલપુર પોલીસ સ્ટેશનના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે તેઓને બાતમી મળી કે વેજલપુર ખાતે માળી ફળિયામાં રહેતા આશિષકુમાર દશરથસિંહ બારીયા તેના રહેણાંક મકાનમાં ચાઈનીઝ દોરીનો જથ્થો લાવી વેચાણ કરે છે તે આધારે રેડ કરતા તેના ઘરના પહેલા માળે રસોડાના ભાગમાં થી ચાઈનીઝ દોરીની ૦૯ રીલ રૂ ૪૫૦૦/ ની મળી આવેલ પોલીસે પુછપરછ કરતા આ જથ્થો રોશનકુમાર જયદીપસિંહ બારીયા રે. વેજલપુર આપી ગયો હોવાનું જણાવેલ પોલીસે બન્ને ઈસમો સામે જાહેરનામા ભંગની કાર્યવાહી કરી વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

**ટોલ ફ્રી-1064ની ફરીયાદે કામ કર્યું : ચા ની લારી નજીક ટ્રેપ ગોઠવાઇ**

# ઝાલોદમાં તલાટી કમમંત્રી 5 હજાર રૂપિયાની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો

**આર.સી.સી. રોડ** અને સામુહિક શૌચાલયના કામની બિલ પ્રક્રિયા બદલ 30,000ની માંગણી, એસીબીની સફળ ટ્રેપ

(પ્રતિનિધી) ઝાલોદ,તા.21

ઝાલોદ તાલુકામાં ભ્રષ્ટાચાર સામે ફરી એકવાર ટોલ ફ્રી-1064 અસરકારક સાબિત થયું છે. ઢઢેલા અને ઈંટા ગામ ખાતે આર.સી.સી. રોડ તથા સામુહિક શૌચાલયની કામગીરી પૂર્ણ થયા બાદ બિલ પ્રક્રિયા આગળ વધારવા માટે લાંચ માગવાના કેસમાં મહીસાગર એ.સી.બી. પોલીસ સ્ટેશન દ્વારા ગોઠવાયેલા ટ્રેપમાં તલાટી કમમંત્રીને રૂ.5,000ની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે.



આ કેસમાં આરોપી તરીકે અભિનંદન સંજયકુમાર પરમાર (ઉ.વ. 32), તલાટી કમમંત્રી, ઢઢેલા-ઈટાવા ગ્રામ પંચાયત વર્ગ-3, તા. ઝાલોદ, જી. દાહોદ (હાલ રહે. માળીની વાડી, ઝાલોદ; મૂળ વતન - પિલુચા, તા. વડગામ, જી. બનાસકાંઠા) સામે કાર્યવાહી હાથ ધરાઈ છે.

ફરીયાદ મુજબ સને 2024માં ઢઢેલા તથા ઈંટા ગામમાં આર.સી.સી. રોડ અને સામુહિક શૌચાલયના કામને વહીવટી મંજૂરી મળેલી હતી. કામ પૂર્ણ થયા બાદ સી.સી. ફોર્મ ભરવું, આગળની બિલો મંજૂર કરાવવી અને અન્ય કાર્યવાહી પૂર્ણ કરાવવા બદલ આરોપીએ ફરીયાદી પાસેથી કુલ રૂ. 30,000ની લાંચ માગી હતી.આક્ષેપ મુજબ આરોપીએ અગાઉ તૂટક-તૂટક રોકડમાં રૂ. 17,500 અને રૂ. 2,000 લીધા હતા. એટલું જ નહીં, ફોન દ્વારા રૂ. 2,500 અને રૂ. 500 ઓનલાઈન ટ્રાન્સફરની પણ માગણી કરી હતી. બાદમાં વધુ રૂ. 5,000 ની માંગ થતાં ફરીયાદીએ ટોલ ફ્રી-1064 પર સંપર્ક કરી એસીબીમાં ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદના આધારે તા. 21/12/2025ના રોજ ઝાલોદ બસ સ્ટેશનના મેઈન ગેટ બહાર રોડ ઉપર ચાની લારી નજીક ટ્રેપ ગોઠવવામાં આવ્યો હતો. પંચ-1ની હાજરીમાં આરોપીએ ફરીયાદી પાસેથી રૂ. 5,000ની લાંચ સ્વીકારતા જ એસીબી ટીમે તેને તરત રંગેહાથ ઝડપી લીધો.

**સરકારી ચોપડામાં કરોડો રૂપિયાનું ખર્ચ દર્શાવાયું**

# સુખસર તાલુકામાં "નલ સે જલ" યોજના ભ્રષ્ટાચારના ભોગે નિષ્ફળ



**કરોડો** ખર્ચાયા, પરંતુ એક પણ ગામે નળમાં પાણી નહીં – કાગળ પર સફળતા, જમીન પર શૂન્ય પરિણામ



(પ્રતિનિધી) સુખસર તા.21

સરકારી એટલે કે પ્રજાના ટેક્સના નાણાંનો ઉપયોગ નાગરિકોની દીર્ઘકાલીન સુખાકારી માટે થવો જોઈએ, પરંતુ દાહોદ જિલ્લાના સુખસર તાલુકામાં "નલ સે જલ" યોજના ભ્રષ્ટાચાર, બેદરકારી અને ગેરવહીવટના કારણે સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. ત્રણ વર્ષ અગાઉ ઘેરઘેર પીવાનું પાણી પહોંચાડવાના ઉદ્દેશથી મોટા ઉપાડે યોજના શરૂ કરવામાં આવી હતી. સરકારી ચોપડામાં કરોડો રૂપિયાનું ખર્ચ દર્શાવાયું છે, છતાં આજદિન સુધી તાલુકાના એકપણ ગામમાં નળ દ્વારા પાણી પહોંચ્યું નથી.

પાઈપલાઈન, ચોકડીઓ અને ટાંકીઓ–પરંતુ પાણી ક્યાં?

યોજનામાં દેખાવ પૂરતા કામ થયા હોવાના અનેક ઉદાહરણો સામે આવ્યા છે. કેટલાક ગામોમાં ફળિયાઓમાં પાઈપલાઈન જ નાખવામાં આવી નથી, તો ક્યાંક ઘરઘેર નળ બેસાડીને ચોકડીઓ બનાવી દેવાઈ છે–પરંતુ પાણીનો સ્ત્રોત, જોડાણ કે પુરવઠાની વ્યવસ્થા વિના. અનેક સ્થળોએ લાખો રૂપિયાના ખર્ચે મોટી પાણીની ટાંકીઓ ઊભી કરવામાં આવી, પરંતુ આજદિન સુધી તેમાં એક ટીપું પાણી ભરાયું નથી. કેટલાક ગામોમાં બેસાડેલા નળ પણ તૂટી ગયા છે.

### ખોટી ખરાઇ-બિલિંગ–પાણી વગર વેરો

આક્ષેપ છે કે કેટલીક ગ્રામ પંચાયતો દ્વારા "પાણી શરૂ થયું" તેવી ગેરકાયદેસર ખરાઇ આપી કોન્ટ્રાક્ટરો સાથે મેળાપીપણાથી બિલ પાસ કરાવાયા. પરિણામે કરોડો રૂપિયા હડપ થઈ ગયા. વધુ ચોંકાવનારી વાત એ છે કે જ્યાં પાણી મળતું નથી, ત્યાં પણ ઘરવેરા સાથે પાણી વેરો ઉઘરાવવામાં આવી રહ્યો છે.

### રજૂઆતો છતાં તંત્ર મૌન

તાલુકા અને જિલ્લા કક્ષાએ વારંવાર રજૂઆતો થઈ હોવા છતાં જવાબદાર અધિકારીઓ મૌન સેવી રહ્યા હોવાની ફરિયાદો છે. સ્થાનિકોથી લઈને જિલ્લા સ્તર સુધી સૌને યોજનાની નિષ્ફળતાની જાણ હોવા છતાં અસરકારક તપાસ કે કાર્યવાહી હાથ ધરાઈ નથી–એવો સવાલ જનતામાં ગુંજાઈ રહ્યો છે.

### આજદિન સુધી નળમાં પાણી આવ્યું નથી

"ત્રણ વર્ષ પહેલા પાઇપલાઇન નાખી, પરંતુ આજદિન સુધી નળમાં પાણી આવ્યું નથી. ક્યાંક પાઇપ જ નથી. રજૂઆતો કરી, કોઈ સાંભળતું નથી."
– **વિક્રમભાઈ કનુભાઈ બારીયા, હિંદોલીયા (સ્થાનિક)**

### નળ તૂટી ગયા છે ,હવે આશા પણ નથી

"કાળીયા ગામમાં મોટી ટાંકી બની, નળ બેસાડ્યા–પણ પાણી નથી. પાણી વેરો લેવાય છે, નળ તૂટી ગયા. હવે આશા પણ નથી."
– **પ્રદીપભાઈ લાલસિંગભાઈ મછાર, કાળીયા (સ્થાનિક)**

# ડભોઈના કંસારાવાગા વિસ્તારમાં ઘરફોડ માટે ફરી રહેલો તસ્કર CCTVમાં કેદ

**સતત** ચોરીઓથી ડભોઇમાં દહેશત, પોલીસ માટે તસ્કરો મોટો પડકાર

(પ્રતિનિધી) ડભોઈ, તા.21

ડભોઈ શહેરમાં છેલ્લા પાંચ દિવસથી મધ્યરાત્રિએ તસ્કરો બિન્દાસ્ત રીતે ફરીને ઘરફોડ, વાહન ચોરીને અંજામ આપી રહ્યા છે. આવી સ્થિતિ વચ્ચે 17 ડિસેમ્બરની રાત્રે કંસારાવાગા વિસ્તારમાં ઘરફોડ ચોરી માટે ફરી રહેલો એક તસ્કર મકાનમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થયો છે. આ ઘટના સામે આવતાં જ સમગ્ર વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો છે.

મળતી વિગતો મુજબ, 17 ડિસેમ્બરની મધ્યરાત્રિએ લગભગ 3:21 વાગ્યે કાળા કપડાં અને ઉપર સ્લેટીયા રંગનું જેકેટ પહેરેલો તસ્કર હાથમાં ટોર્ચ લઈને ફળિયામાં ફરતો જોવા મળ્યો હતો. તસ્કર ઘેરઘેર ટોર્ચ મારી દરવાજાં પર તાળા છે કે નહીં તેની તપાસ કરતો હતો અને ચોરી માટે યોગ્ય મોકો શોધી રહ્યો હતો. રહીશોને આ હલચલની જાણ થતાં ફળિયાના લોકો જાગી ગયા હતા. બાદમાં સીસીટીવી ફૂટેજ તપાસતા તસ્કરની બિન્દાસ્ત હરકતો સ્પષ્ટ દેખાઈ આવી હતી.



શહેરમાં ચોરીઓની શ્રેણી ચિંતાજનક બની ગઈ છે. એક જ રાત્રિમાં સાત જેટલી જુદી જુદી જગ્યાએ ઘરફોડ ચોરીઓ નોંધાઈ હતી. તેના બીજા દિવસે વસાઈ વાલા જીન વિસ્તારમાં બંધ મકાનમાંથી અંદાજે રૂ. 8 લાખના દાગીનાની ચોરી થઈ હતી. ત્રીજા દિવસે કોહિનૂર સોસાયટી અને સીમળીયા ગામેથી પાંચ મોટરસાયકલ તસ્કરો ઉઠાવી ગયા હતા, જેમાંથી એક એક્ટીવા ટીંબી ફાટક પાસે રેઢી મૂકેલી હાલતમાં મળી આવી હતી.

સીસીટીવીમાં તસ્કરો કેદ થવા છતાં તેઓ પોલીસ લોકઅપ સુધી પહોંચતા ન હોવાને કારણે નગરજનોમાં ભય અને ચિંતા વ્યાપી છે.

## હાલોલ નગરમાં પરપ્રાંતીય યુવકે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

(પ્રતિનિધી) હાલોલ, તા.21

પ્રાપ્ત માહિતી અનુસાર પંચમહાલના હાલોલ નગરમાં ગોધરા રોડ પનોરમા ચોકડી નજીક સાથ રોટા જવાના રસ્તે ખોડીયાર નગર સોસાયટીમાં રહેતો પરપ્રાંતિય યુવક 21 વર્ષે પવન કુશ વાહ નામના યુવકે ગઈકાલે અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા દુઃખની લાગણી પ્રસરી જવા પામી છે મધ્યપ્રદેશના બલખડ ગામનો યુવક પાછલા બે વર્ષથી હાલોલમાં ખોડીયાર નગર સોસાયટીમાં આવેલી કરિયાણાની દુકાનમાં નોકરી કરતો હતો હાલોલ પોલીસને જાણ થતા ઘટના સ્થળે સ્થળ



તપાસ કરી અકસ્માત મોતનો ગુનો નોંધી યુવકે આ મોતનું પગલું કયા કયા કારણોસર ભર્યું તે હવે આગળની કાર્યવાહીમાં પોલીસ તપાસમાં બહાર આવે તેમ છે હજી સુધી મોતનું કોઈ ચોક્કસ કારણ મળી આવેલ નથી તેમ સૂત્રો દ્વારા જાણવા મળેલ છે.